<u>વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત</u>

રાજયની આંગણવાડીઓની દેખરેખ અને AI આધારિત ઈમેજ પ્રોસેસીંગ હાજરી અને એનાલીટિક્સ સિસ્ટમ દ્વારા કાર્યક્ષમ બનાવવા માટે નવી બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2026/0098/B

સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:-

(૧) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૬/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: ICDS/THRQR/e-file/257/2024/0306/Nutrition

**<u>પ્રસ્તાવના:</u>**

મહિલા બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીને અપાતાં લાભોનું સચોટ મોનીટરીંગ, રીપોર્ટીંગ, વિવિધ યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ મહિલા અને બાળકો સંબંધિત ઉપયોગી યોજનાઓના લાભાર્થી સુધી લાભ પહોંચાડવા તથા લાભાર્થીઓને વધારાની ઇ-ગવર્નંસ સવલતો દ્વારા ગુડ ગવર્નંસ ના ભાગ રૂપે થઇ શકે તે આશયથી રાજયની તમામ આંગણવાડી કક્ષા સુધીનું કામગીરીનું મુલ્યાંકન તથા પરિણામ આધારીત શાસનનાં ઉદ્દેશોને સુસંગત તેમજ ICDS ના હેતુ અમલીકરણને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવા માટે AI આધારીત ઈમેજ પ્રોસેસીગ હાજરી અને એનાલીટીલીટીક્સ સિસ્ટમના વિકસાવવાની નવી બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે રાજયની આંગણવાડીઓની દેખરેખ અને AI આધારિત ઈમેજ પ્રોસેસીંગ હાજરી અને એનાલીટિક્સ સિસ્ટમ દ્વારા કાર્યક્ષમ બનાવવા માટે રૂ. ૫ કરોડની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**<u>શરતો :-</u>**

(૧) પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૬થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) આઈ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.

(૬) નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી

જગ્યાના અનુસધાને ઉચિત કાયવાહી થઇ શકે.

(૭) ખરીદીના વિકલ્પો Rental Model, PPP ધોરણે કે Outsourcing થી Operation and Maintenance, કે અન્ય Hybrid model થી કામગીરી લઇ શકાય તેમ હોય તો તેનો તુલનાત્મક અભ્યાસ કરી યોગ્ય વિકલ્પ મુજબ કામગીરી લેવાની રહેશે.

(૮) ગ્રાન્ટ મળવાની અપેક્ષાએ ખરીદી કરવાની રહેશે નહી.

(૯) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.

(૧૦) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઇન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૧૨) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) આઇ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.

(૧૪) જો કોઇ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૬) પ્રસ્તુત કામ માટે જરૂર જણાયે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૭) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૦) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૨) મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૨૩) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈ પણ સંજોગોમાં નાણા વિભાગની પુર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી કમિશ્નરશ્રી(ICDS), મહિલા અને બાળ વિકાસની કચેરીની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માગણી નંબર: ૧૦૬

મુખ્ય સદર: ૨૨૩૬

પેટા મુખ્ય સદર: ૦૨

ગૌણ સદર: ૧૦૧

પેટા સદર: ૨૧ (૧૦૦% State)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૧૦-૦૫-૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી

અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જયશ્રી વસાવા

નાયબ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વતંત્ર હવાલો)મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૩) સચિવશ્રી (આ.બા)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૪) સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

(૫) સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૬) કમિશ્નરશ્રી(આઇ.સી.ડી.એસ.) મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) નાણા સલાહકારશ્રી (મ.બા.વિ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૧૦) સેક્શન અધિકારીશ્રી, (બજેટ) શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૧૧) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને અને બાળ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૧૨) સિલેકટ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by:J P Vasava*
*Deputy Secretary*
*Date:2026.05.13*
*16:31:04 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*